# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધોઃ** સામાન્ય વહીવટ વિભાગ,ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ તા.૨૧/૦૩/૨૦૨૦

**નોવેલ કોરોના વાઇરસ (Covid-19) સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાઓ બાબત... સરકારી કર્મચારી-અધિકારીઓની કચેરીમાં હાજરી બાબત..**

## પરિપત્ર

નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં ગુજરાત રાજયની તમામ સરકારી કચેરીઓમાં તા.૨૩/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી વર્ગ-૨ થી વર્ગ-૪ના અધિકારીઓ/કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓ વારાફરતી (Rotational basis) ફરજ ઉપર ઉપસ્થિત રહે તે સંબંધિત કચેરીઓના વડાશ્રીઓએ વંચાણે લીધેલ પરિપત્રથી સુનિશ્ચિત કરી સત્વરે કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે.

તદ્ અનુસાર આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની સર્વે કચેરીઓમાં તા.૨૩/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી (જાહેર રજાના દિવસો સિવાય) શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સંવર્ગના અધિકારીઓ/કમર્ચારીઓને નીચે મુજબ ૫૦% વારાફરતી (Rotational basis) ફરજ ઉપર ઉપસ્થિત રાખવાનું આયોજન કરવા યુનિવર્સિટીની સર્વે કચેરીઓના વડાશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | અધિકારી/કર્મચારીનું સવર્ગ | રીમાકર્સ |
|---|---|---|
| (૧) | વર્ગ-૧ | વર્ગ-૧ ના અધિકારીશ્રીઓ સોમવાર થી શનિવાર સુધી કચેરીઓમાં ફરજ ઉપર ઉપસ્થિત રહેશે. |
| (૨) | વર્ગ-૨ થી ૪ | ગૃપ-૧ (૫૦%) કર્મચારીઓ સોમવાર,બુધવાર અને શુક્રવારે ફરજ ઉપર ઉપસ્થિત રહેશે. # |
| | | ગૃપ-૨ (૫૦%) કર્મચારીઓ મંગળવાર,ગુરૂવાર અને શનિવારે ફરજ ઉપર ઉપસ્થિત રહેશે. # |
| # ગ્રુપ-૧ અને ગ્રુપ-૨ ના અધિકારીઓ/કર્મચારીઓ સંબંધિત કચેરીઓના વડાશ્રીઓએ તેમની કચેરીઓની જરૂરિયાત મુજબ નક્કી કરવાના રહેશે. | | |

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટીના હિતમાં માન.કુલપતિશ્રીની ફાઇલ ઉપર મંજુરી મેળવીને જારી કરવામાં આવે છે.

કુલસચિવ

**જા.નં.આકૃયુ/રજિ/સંકલન/૧૩૯૯/૨૦૨૦**
**તા.૨૩/૦૩/૨૦૨૦**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કલેક્ટરશ્રી, કલેકટરશ્રીની કચેરી, આણંદ તરફ જાણ સારૂ.
(૨) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.
(૩) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાનાઃ**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
(૨) આ કચેરીની એડીએમ શાખા-૩ તરફ
(૩) આ કચેરીની તમામ શાખાઓ તરફ.